તા. 26-04-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 26-04-2024 સવારે : 7.10 થી 7.20

વાર : શુક્રવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....

પ્રાદેશિક સમાચાર જાનુ પરમાર વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન માટેની તૈયારીઓ પૂર્ણ – આજે 13 રાજ્યો – કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.
- ✓ રાજયની લોકસભાની 25 બેઠકોની યોજાનારી ચૂંટણી માટે વિવિધ જિલ્લાઓમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- ✓ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આણંદ જિલ્લાના 100 ગામોના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ અને પ્રેરણા આપવાના અભિયાનનો ગઇકાલે પ્રારંભ કરાવ્યો.
- ✓ મચ્છુ-3 ડેમના સમારકામ અર્થે ડેમમાંથી પાણી છોડાતા ડેમની આસપાસના 20 ગામોને સાવચેત રહેવા જણાવાયું.
- ✓ PSI & LRDની ભરતી માટે અરજી કરવાની છેલ્લી તારીખ 30મી એપ્રિલ છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# REV-SECOND-PHASE-ELECTION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન માટેની તૈયારીઓ પૂર્ણ – આજે 13 રાજ્યો – કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.

જેમાં કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ, મધ્ય પ્રદેશની છ, આસામ અને બિહારની પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે. મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

દરમિયાન આગામી 13મી મે ના રોજ યોજાનારી લોકસભાની ચોથા તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રોની આવતીકાલે ચકાસણી કરાશે. ઉમેદવારી પત્રો 29મી એપ્રિલ સુધીમાં પરત ખેંચી શકાશે. આથી લોકસભાની 96 બેઠકો માટે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. એ બાબત 29મી એપ્રિલે સ્પષ્ટ થશે.

ચોથા તબક્કામાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરની 96 બેઠકોની ચૂંટણી યોજાવાની છે.

.................

- રીપીટ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# VOTING AWARENESS-1

મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત  સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના નવયુવા મતદાર માટે ફૂટબોલ સ્પર્ધાનું વડનગર ખાતે આયોજન કર્યું હતું જેમાં "મત આપશે સાબરકાંઠા"થીમ સાથે મતદાન કરવા માટે  અપીલ કરવામાં આવી હતી.આ સ્પર્ધા બાદ અવશ્ય મતદાન અંગે સિગ્નેચર કેમ્પેન યોજાયું હતું

પાટણ શહેરમાં બાંધકામ સાઇટ ઉપર કામ કરતા શ્રમિકો, મજુરોને આ લોકસભાની સામાન્ય ચુંટણીમાં સમય કાઢીને લોકશાહીના આ પર્વ નિમિતે ફરજીયાત મતદાન કરવા અને કરાવવા જાગૃત કરવામાં આવ્યા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

લોકસભા સામાન્ય ચૂંટણી ને લઈને સોમનાથ મંદિર ખાતે 'લાઈટ એન્ડ સાઉન્ડ શૉ' માં સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર ઈવેન્ટ યોજાઈ ગઈ જેમાં હાજર તમામ લોકોને પોતાના સોશિયલ મિડિયા એકાઉન્ટ પરથી મતદાન જાગૃતિલક્ષી સંદેશો આપવા જણાવ્યું હતું. દર્શનાર્થે આવેલા ભક્તોને આ અવસરે અચૂક મતદાન કરવાનો સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તેમજ ITI 1498 સ્થળો પર એ સાથે વિદ્યાર્થીઓએ તેમના માતા-પિતાને 7મી મેં ના રોજ અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# VOTING AWARENESS-2

'દસ મિનિટ દેશ માટે, લોકશાહીમાં મતદાન માટે' ના સંદેશ સાથે ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ રાજપરા ખોડીયાર ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં શેરી નાટકના માધ્યમ દ્વારા મનોરંજન સાથે હળવી શૈલીમાં મતદાર જાગૃતિનો સંદેશ પાઠવવામાં આવ્યો.

.................

- પાટણ, વલસાડ, ભાવનગર, ગીર સોમનાથ, સિમ્પલ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# Matdan Jagruti

છોટા ઉદેપુરજિલ્લાના હાસ્ય કલાકારો સ્થાનિક રાઠવી બોલીમાં મીમીક્રી વીડિયો બનાવી મતદાન જાગૃતિના પ્રયાસો કરી રહ્યા છે.

મતદારો અવશ્ય મતદાન કરે અને વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અને સ્વિપ કાર્યક્રમો દ્વારા મતદાન જાગૃતી લાવવા માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે ત્યારે આ હાસ્ય કલાકારોએ સ્થાનિક બોલીમાં વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં મૂકી અવશ્ય મતદાન કરવાની અપીલ કરી હતી.

બાઈટ -અર્પિત રાઠવા, અક્ષય રાઠવા, હાસ્ય કલાકાર

.................

- પીટીસી, છોટાઉદેપુર, સંસ્કૃતિ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

- રીપીટ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# Loksabha, Kutch

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં 85 વર્ષથી વધુની ઉંમરના નાગરિકો અને વિકલાંગ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ ઘરે બેઠાં કરી શકે તે હેતુથી ભારતીય ચૂંટણીપંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

કચ્છના સંસદીય મતદાર વિભાગના અધિકારી દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કચ્છના 65 અને મોરબી સહિતના અલગ અલગ મતદાર વિભાગમાંથી 85 વર્ષ વધુના એક હજાર 296 મતદારો તથા 415 વિકલાંગ મતદારો સહિત કુલ એક હજાર 711 મતદારોના ફોર્મ પ્રાપ્ત થયા હતા.

.................

- પીટીસી, કચ્છ, હેમાંગ પટ્ટણી, જાનુ પરમાર, રમેશ પરમાર

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# DIV BHARTI RAWAL

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણ લોકસભા બેઠક પર સાત ઉમેદવાર ચૂંટણી જંગમાં છે.

પ્રચારકાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. વહીવટીતંત્ર ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત છે. આ અંગે વધુ માહિતીઅમારા દીવના પ્રતિનિધિ ભારતી રાવલ પાસેથી....

બાઇટ-ભારતી રાવલ

.................

- પીટીસી, દીવ, અજયભાઇ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# LAUNCH OF NATURAL AGRICULTURE CAMPAIGN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આણંદ જિલ્લાના 100 ગામોમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ અને પ્રેરણા આપવાના અભિયાનનો ગઇકાલે પ્રારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે રાજયપાલે પર્યાવરણને નુકસાન પહોંચાડવા માટે રાસાયણિક ખેતીને જવાબદાર ગણાવીને, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અભિયાન શરૂ કરાયું છે. જેમાં રાજયમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવાની પ્રવૃત્તિ ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ જતન અને સંવર્ધન, રમતગમત, કુદરતી હોનારતો વખતે રાહતકાર્ય સહિત વિવિધ 19 પ્રોજેક્ટો શરૂ કરાયા છે. આ પ્રોજેક્ટમાં કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા આણંદ જિલ્લાના ખેડૂત સંગઠનોને સોઈલ ટેસ્ટિંગ કીટ પણ વિના મૂલ્યે અપાશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજે આણંદ જિલ્લાના ખેડૂતોને સોઇલ ટેસ્ટિંગ કીટ અર્પણ કરાઈ હતી.

.................

- રીપીટ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# Alert - Dam

મોરબીના જુના સાદુળકા ગામ પાસે આવેલ મચ્છુ -3 ડેમમાં સમારકામ કામ કરવાનું હોવાથી ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલી પાણી નદીમાં ઠાલવવા આવશે.

જેથી ડેમની આસપાસના બે તાલુકાના ૨૦ ગામોના લોકોને સાવચેત રહેવા જણાવાયું છે. જેમાં મોરબી તાલુકાના ગોર ખીજડીયા, વનાળીયા, માનસર, નારણકા, નવા સાદુલકા, જુના સાદુલકા, રવાપર નદી, ગુંગણ, જુના નાગડાવાસ, નવા નાગડાવાસ, અમરનગર, બહાદુરગઢ, સોખડા તેમજ માળિયા તાલુકાના દેરાળા, મેઘપર, નવાગામ, રાસંગપર, વીરવિદરકા, માળિયા હરીપર અને ફતેપર એમ બે તાલુકાના ૨૦ ગામોને ગ્રામજનોએ નદીના પટમાં અવરજવર ના કરવા સુચના આપવામાં આવી છે

.................

\- મોરબી /સિમ્પલ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# LRD BHARATI

પોલીસ ભરતી બોર્ડ દ્વારા નવયુવાનોને PSI અને LRDની ભરતી માટેની અરજી 30મી એપ્રિલ સુધી કરી શકાશે.

LRD બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું કે, 4 એપ્રિલથી શરૂ થયેલી અરજી પ્રક્રિયા, 30મી એપ્રિલના રોજ પૂર્ણ થશે. અત્યાર સુધીમાં આઠ લાખ 63 હજાર ભરતી માટે અરજી કરવામાં આવે છે જેમાંથી સાત લાખથી વધુ અરજીઓ માન્ય રાખવામાં આવી છે.

શ્રી પટેલે ઓગસ્ટ –સપ્ટેમ્બરમાં ધોરણ 12 પાસ થયેલા વિદ્યાર્થીઓને પણ આ LRD ભરતીમાં અરજી કરવાનું જણાવવામાં આવ્યું છે. હજી પણ એક લાખ 50 હજારથી વધુ અરજી આવે તેવી સંભાવના છે. દરરોજ 25 હજાર અરજી થઈ રહી છે.

વધુ માહિતી માટે પોલીસ ભરતી બોર્ડની વેબસાઈટ પર લોગીન કરવા સૂચન કરાયું છે.

.................

- પીટીસી, ગાંધીનગર, સિમ્પલ ઠક્કર

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# Ocean Security

બીલીમોરાના ધોલાઈ બંદર અને દરીયાઇ કાંઠા વિસ્તારોમાં પોલીસ દ્વારા બે દિવસીય સાગર સુરક્ષા કવચ કવાયત પૂર્ણ કરાઇ.

નવસારીના પ્રતિનધિ અશોક પટેલ જણાવે છે કે દરિયાઈ માર્ગે આતંકી ગતિવિધિઓને રોકવા, તેમજ જુદી જુદી એજન્સીઓની સતર્કતા ચકાસવાનાં ભાગરૂપે સમયાંતરે સાગર સુરક્ષા કવચ કવાયત હાથ ધરવામાં આવે છે.

દરિયામાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ત્રાસવાદી હુમલાઓ, નશીલા પદાર્થોની તસ્કરી અટકાવવા તથા લોકોની સુરક્ષા મુખ્ય છે જેમાં નાયબ પોલીસ વડા, પી. આઇ સહિત બીલીમોરા, ગણદેવી અને ધોલાઈ પોલીસનાં ૨૨૧ જેટલા જવાનોએ વાઘરેચ લેન્ડિંગ પોઇન્ટ, વાઘરેચ ડેમ, અંબિકા નદી બંદર રોડ, પોંસરી, ધોલાઈ બંદર અને ત્રણ રસ્તા, મેંધર-ભાટ દરીયા, વાસણ ત્રણ રસ્તા, માસા, કૃષ્ણપુર માર્ગ, મોવાસા સહિત ખાંજણ, લેન્ડીંગ પોઇન્ટ, અવાવરું જગ્યા અને માર્ગો ઉપર નાકાબંધી કરીને તપાસ હાથ ધરી હતી.

.................

\- નવસારી /સિમ્પલ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# Voting -Leave

મોરબી માર્કેટિંગ યાર્ડની યાદીમાં જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં ૨૬ એપ્રિલને શુક્રવારે લોકસભા ચુંટણીનં મતદાન હોવાથી ૨૬ અને ૨૭ એમ બે દિવસ અનાજ વિભાગમાં હરાજીનું તમામ કામકાજ બંધ રાખવામાં આવશે.

૨૯મીના રોજ યાર્ડમાં રાબેતા મુજબ હરાજીનું કામ શરુ કરવામાં આવશે જેની તમામ ખેડૂતો, વેપારીઓ અને એજન્ટ ભાઈઓએ નોંધ લેવા જણાવ્યું છે

.................

- મોરબી /સિમ્પલ

તા. 26-04-2024

સમય : સવારે 7.10

# EARTHQUAKE SHOCK

કચ્છના માંડવી બીદડા નજીક ગઇકાલે સાંજે 2.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો છે.

અમારા ભૂજના પ્રતિનિધિ હેમંત પટણી જણાવે છે કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ ગઢસીસાથી 27 કિલોમીટર દૂર નોંધાયું છે.

.................

- પીટીસી,ભૂજ, અજયભાઇ,(પ્રવિણ)